## પ્રાંતિજ ખાતે શ્રી બ્રહ્માણી માતાજીનો પાંચમો પાટોત્સવ યોજાયો



સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિદ્ધ શ્રી બ્રહ્માણી માતાજી મંદિર ખાતે પાંચમો પાટોત્સવ યોજાયો હતો જેમાં હવન પુજા સહિત ના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં. પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ સુ પ્રસિદ્ધ પૌરાણિક શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર ખાતે પાંચમો પાટોત્સવ યોજાયો હતો જેમાં મંદિર ના વિશાળ ચોકમાં યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હવન ના યજમાન ભાવેશ કુમાર નવિનભાઈ પટેલ દ્વારા ધર્મ લાભ લીધો હતો પ્રાંતિજ ખાતે રહેતાં પટેલ સમાજનાં ભાઈ- બહેનો સહિત તાલુકામાંથી પટેલ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી બ્રહ્માણી માતાજી માઈ મંડળ તથા મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત ઉપસ્થિત રહીને ધન્યતા અનુભવી હતી.

## એમ્બ્યુલન્સમાં ઈમર્જન્સી દર્દી નહીં પણ થતી હતી વિદેશી દારૂની હેરાફેરી




દારૂના ખેપિયાઓ દ્વારા દારૂ લાવવા માટે જુદા જુદા કીમિયા અપનાવવામાં આવતા હોય છે. ખાનગી વાહનો, એસટી બસ અને ટ્રેન અને વિમાનમાં પણ દારૂની ખેપ મારવામાં આવી હોવાના કિસ્સાઓ બહાર આવ્યા છે ત્યારે હવે બુટલેગરો પોલીસને થાપ આપવા એમ્બ્યુલન્સ લખેલી ટ્રાવેરામાં વિદેશી દારૂની ખેપ મારવા લાગતા મોડાસા રૂરલ પોલીસને બાતમી મળતા વાંટડા-લાલપુર રોડ પર નાકાબંધી કરી એમ્બ્યુલન્સમાંથી ૧.૫૮ ના દારૂ સાથે એમ્બ્યુલન્સ ડ્રાઈવર અને એક સગીર ખેપિયાને દબોચી લીધો હતો. મોડાસા રૂરલ પોલીસે દારૂની હેરાફેરી અટકાવવા અંતરિયાળ વિસ્તારોમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવતા રાજસ્થાન પાસીંગની એમ્બ્યુલન્સ લખેલી ટ્રાવેરા ગાડી વિદેશી દારૂ ભરી જીવણપૂર સરડોઈ થી અમદાવાદ તરફ જવાની બાતમી મળતા પોલીસે નાકાબંધી કરી વાંટડા-લાલપુર નજીકથી એમ્બ્યુલન્સને અટકાવી તલાસી લેતા કારમાંથી ૧.૫૮ લાખનો વિદેશી દારૂ મળી આવતા પોલીસે એમ્બ્યુલન્સ ચાલક હરિસિંહ સોહનસિંહ રાઠોડ (રહે,રાજસ્થાન) અને સગીરને દબોચી લઈ રૂ.૪.૬૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી એમ્બ્યુલન્સમાં વિદેશી દારૂ ભરી આપનાર નરેશ શર્મા (રહે,ટીકર-રાજ) અને વિદેશી દારૂ મંગાવનાર અમદાવાદના અજાણ્યા બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ : સ્મિત, સેવા અને સંવેદના પ્રતિક સમાન અરવલ્લીની ૧૭૦ મહિલા નર્સ



સમગ્ર દેશ અને ગુજરાતમાં કોરોનાની અસર જોવા મળી રહી છે ત્યારે આરોગ્યના કર્મીઓ ફ્ન્ટ્રલાઈન વોરીયર્સ બનીને દિવસ-રાત સેવા કરી રહ્યા છે તો વળી રસીકરણની સઘન કામગીરી કરીને કોરોનાને મ્હાત આપવા પોતાની જીવને પણ જોખમાં મુકી અહર્નિશ સેવા કરનાર નર્સને આજના નર્સિગ દિવસે ખરેખર વંદન કરવાનું મન થાય . આવા જ આપણા અરવલ્લી જિલ્લાની ૧૭૦થી વધુ સ્ટાફ નર્સ બહેનો કોવિડ હોસ્પિટલ, સામૂહિક, પ્રાથમિક, સબ સેન્ટર ખાતે ફરજ તો બજાવી સાથો સાથ સમગ્ર દેશમાં જયારે રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે નર્સ બહેનો દ્વારા અંતરીયાળ વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને રસી આપી લોકોને મોતના મુખમાંથી બચાવવાનું ઉમદા કાર્ય કર્યુ છે. વળી સમગ્ર જિલ્લામાં જયારે કોરોનાનો કહેર હતો ત્યારે જિલ્લામાં મોડાસાની સાર્વજનિક અને બાયડના વાત્રક ખાતે કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને પોતાના સ્વજનની જેમ સારવાર કરી છે, તે કઈ રીતે ભૂલી શકાય . કોરોનાના કપરાકાળમાં સારવાર લઈ રહેલા દર્દીઓ જયારે દવા લેવાની કે ઉપચાર માટે અણગમો કે ગુસ્સો વ્યકત કરે તો પણ આ બહેનો હસતા મોંઢે સ્વીકારીને સાંત્વાના આપી તેમને જલ્દી સાજા કરી તેમના પરીવારના માળાને વિંખાતો બચાવ્યો છે. દર્દીઓને જ પોતાનો પરીવાર માનતા સેવા, સ્મિત અને સંવેદનાના પ્રતિક સમાન નર્સ કરતા આરોગ્ય કર્મીઓને વિશ્વ નર્સ દિવસે ખરેખર શત શત વંદન કરવાનું મન થાય.

## ડીસા તાલુકાના થેરવાડા અને જાવલ ગામ વચ્ચે દારૂની ગાડી પલટી

### સ્થાનિક લોકોએ દારૂની બોટલોની લૂંટ ચલાવી



ડીસા તાલુકાના થેરવાડા અને જાવલ ગામ વચ્ચે દારૂ ભરીને જઈ રહેલી સ્વીફ્ટ ગાડી અચાનક રોડની સાઈડમાં પલટી ખાતા સ્થાનિક ગામલોકોએ દારૂની બોટલોની લૂંટ ચલાવી હતી. ગાંધીના ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં મોટા પ્રમાણમાં દારૂ વેચાય છે અને પીવાય પણ છે ખાસ કરીને બનાસકાંઠા જિલ્લો એ રાજસ્થાનને અડીને આવેલો જિલ્લો હોવાના કારણે રોજેરોજ મોટા પ્રમાણમાં રાજસ્થાનમાંથી બનાસકાંઠા જિલ્લાની બોર્ડર ઉપરથી વાહનો દ્વારા દારૂ ઠલવવામાં આવે છે. ડીસા તાલુકામાં પણ વિદેશી દારૂનું વેચાણ કરતા લોકોને જાણે કોઈ જ પ્રકારનો પોલીસનો ડર ન હોય તેમ રોજેરોજ મોટા પ્રમાણમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા હોય છે ત્યારે આજે ડીસા તાલુકાના થેરવાડા અને જાવલ ગામ વચ્ચે સ્વીફ્ટ ગાડીમાં દારૂ ભરીને જઈ રહેલ અજાણ્યા ઈસમે અચાનક સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ગાડી રોડની સાઈડમાં પલટી ખાઈ જવા પામી હતી. ગાડી રોડની સાઈડમાં પડતાની સાથે જ દારૂની બોટલો વેરાતાં આજુ બાજુના સ્થાનિક લોકોએ દારૂની લૂંટ ચલાવી હતી. લોકો ગાડીમાંથી દારૂ લઈને ભાગતા નજરે પડ્યા હતા. જે બાદ આ સમગ્ર ઘટના અંગે ડીસા તાલુકા પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને રોડની સાઈડમાં પડેલી ગાડીને જેસીબી મશીન દ્વારા બહાર નિકાળવામાં આવી હતી. જે બાદ ડીસા તાલુકા પોલીસે ગાડીનો કબજો મેળવી આ વિદેશી દારૂ ક્યાંથી લાવ્યો હતો અને કયાં લઈ જવાતો હતો ? તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

## મેઘરજમાં અધિકારીઓના ઈશારે તળાવ ઉંડા કરવાના નામે લાખો રૂપિયાના ભ્રષ્ટાચારનો ખેલ આરંભાયો?

### મિલીભગત વાળી મંડળીને બારોબાર વર્કઓર્ડર અપાયા

મેઘરજ તા.૧૨ અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી જળસંચયના નામે સરકારને કરોડો રૂપિયાનો ચૂનો લગાડવામાં આવી રહ્યો છે.મેઘરજ તાલુકાની અમુક ચોક્કસ જગ્યાએ દર વર્ષે તળાવ ઉંડા કરવાની મંજૂરી માંગણી વગર કે ગ્રામપંચાયતની જાણ બહાર આપી દેવામાં આવે છે.તાલુકામાં એકતરફ પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે. ત્યારે બીજીતરફ કેટલાક અધિકારીઓની રહેમ નજર હેઠળ જળસંચયના નામે કાગળ ઉપર તળાવ ઉંડા કરવાની મંજૂરી આપી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આદરવાનો ખેલ મંડાયો હોવાની બુમ ઉઠવા પામી છે.જિલ્લા સિંચાઈ વિભાગ



દ્વારા તાલુકાના જે વિસ્તારમાં પાણીની સમસ્યા છે ત્યાં તળાવ ઉંડા કરવા માટે ગ્રામ પંચાયતનો ઠરાવ અને ઉતારા સહીત વિગતો મંગવામાં આવી હતી.ત્યારબાદ કેટલીક પંચાયતો દ્વારા તળાવ ઉંડા કરવાની આવશ્યકતા હોય જરૂરી પુરાવા આપ્યા હોવા છતાંય તળાવ ઉંડા કરવાની મંજૂરી આપવામાં આવી નથી અને જે પંચાયત દ્વારા માંગણી કરવામાં આવી નથી ત્યાં મંજૂરી આપી વર્ક ઓર્ડર આપી પંચાયતની જાણ બહાર નામ માત્રની કાગળ ઉપરની કામગીરી શરુ કરી દેવાતા સરપંચો સહીત તાલુકાની જનતામાં રોષ ભભુક્યો છે. અધિકારીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા કેટલાક લેભાગુ લોકો સાથે મળી અંતરિયાળ વિસ્તારમાં નામ માત્ર થોડો સમય જે સી બી ફેરવી કાગળ ઉપર કામ પૂર્ણ કરવાની કામગીરી શરૂ કરી દીધી છે.

**પંચાયતના રેકડે ઉતારા ના નીકળતા જીવણપુરનું તળાવ પણ વગર માંગણીએ ત્રીજી વખત ઉંડુ થયું**

સિસોદરા અદાપુર પંચાયત વિસ્તારમાં આવેલું જીવણપુર તળાવ છેલ્લા ત્રણ વર્ષથી ઠરાવ કે માંગણી વગર મંજૂર કરી દેવામાં આવે છે.તાજુકની વાત તો એ છે કે પંચાયતના રેવન્યુ રેકર્ડ ઉપર તળાવ બોલતું જ નથી કે તેના ઉતારા પણ નીકળતા નથી તેમ છતાંય તળાવ ઉંડા કરવાની મંજૂરી મળી બારોબાર વર્ક ઓર્ડર પણ મળી જાય છે અને છેલ્લે વરસાદ આવ્યા બાદ તળાવ માપી પેમેન્ટ પણ ચૂકવાય જાય છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વૈશાખી વાયરા સાથે તાપમાન ૪૬ ડિગ્રી : લૂ ફેંકતા પવનો ફૂંકાતાં પ્રજા ત્રસ્ત

### ઉના..ઉના વાયરાથી અંગો દાઝવા લાગ્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળાએ વરવું સ્વરૂપ ધારણ કરતાં વાતાવરણ અગનગોળા જેવું બની રહ્યા પછી હવે વૈશાખ મહિનો તેનો અસલી મિજાજ દેખાડતો હોય તેમ બપોરે ઉના..ઉના વૈશાખી વાયરા ફૂંકાવાની શરૂઆત થઈ ગઈ છે. જિલ્લામાં આગ આંકતી ગરમીમાં લમણા શેકી નાખતા ઉના વાયરા ફૂંકાતાં પ્રજા અને પશુ, પંખી સહિત વનરાજી પણ દાઝવા લાગી છે. તાપમાનનો પારો ૪૬ ડિગ્રીને આંબી જતાં આગ ઝરતી ગરમીએ પ્રજાને બેહાલ બનાવી છે. જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી ઘટતા જતા લીલા વૃક્ષો, વધતું પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગની આડ અસરોથી દર વર્ષે ઉનાળામાં તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે જ્યારે ભૂતકાળના વર્ષોમાં ન અનુભવાઈ હોય તેવી અસહ્ય વર્તમાન ઉનાળામાં અનુભવાતાં અત્ર, તત્ર, સર્વત્ર ગરમી ચાલીસા સાંભળવા મળી રહ્યા છે. જિલ્લામાં વૈશાખ માસનો પ્રારંભ થતાંની સાથે વૈશાખના શીતમગર પવનો ફૂંકાવાની શરૂઆત થઈ જતાં ગ્રામ્ય વિસ્તારોમાં ધૂળની ડમરીયો ઉડાડતા ઉના..ઉના વાયરા ફૂંકાતાં પ્રજા ભારે પરેશાન બની રહી છે. જિલ્લામાં એક તરફ આકાશમાંથી અગન ગોળા વરસી રહ્યા છે તો તેની બીજી તરફ વૈશાખ માસના ઉના ઉના વાયરા ફૂંકાવાની શરૂઆત થઈ જતાં ગ્રામ્ય વિસ્તારોમાં બપોરે લૂ ફૂંકતા વાયરાથી સ્વયંભૂ કરફ્યું જેવો માહોલ ઉભો થતો જોવા મળી રહ્યો છે. જ્યારે જિલ્લામાં લગ્નોની સીઝન પણ પૂરબહારમાં ખીલી ઉઠી છે અને લગ્ન મંડપોમાં ગરમીથી રાહત આપે તેવા સાધનોનો અભાવ હોવાથી વૈશાખી વાયરામાં પ્રજા શેકાઈ જતી હોવાથી લગ્ન મંડપોમાંથી બહાર નિકળી લીલા વૃક્ષોના છાંયડે બેસી લગ્નનો પ્રસંગ ક્યારે પતે તેની રાહ જોતી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જિલ્લામાં વૈશાખ માસના પ્રારંભથી જ વૈશાખના ગરમ લ્હાય પવનો ફૂંકાવાની શરૂઆત થઈ જતાં પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં વૈશાખના ઉના વાયરાઓની સાથે ધૂળની ડમરીયો સાથે ગરમ પવન ફૂંકાતાં પ્રજા સહિત પશુ-પંખીઓ પણ વૈશાખના સીતમગર ગરમ પવનોથી પરેશાન બની રહ્યા છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લગ્નગાળામાં ચોર-પોલીસના પકડદાવ શરૂ

### પોલીસ પેટ્રોલીંગ વચ્ચે મકાનોને નિશાન બનાવતા તસ્કરો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લગ્નગાળામાં ચોર-પોલીસના પકડદાવ શરૂ થયા હોય તેમ કહેવાતા સઘન પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ તસ્કરો બંધ મકાનોને નિશાન બનાવી પોલીસને પડકાર ફેંકી રહ્યા છે જ્યારે આખો મહિનો લગ્નો ચાલનારા હોવાથી મોટા ભાગના પરિવારો લગ્નોમાં હાજરી આપવા જાય ત્યારે જ તસ્કરો બંધ મકાનોને નિશાન બનાવે તેવી ભીતી ઉભી થતાં પોલીસે સાચા અર્થમાં પેટ્રોલીંગ તેજ બનાવવાની જરૂરીયાત ઉભી થઈ છે.

જિલ્લામાં દર વર્ષે ઉનાળામાં ઘરફોડીયાઓને તસ્કરીની મજા પડી જતી હોય તેમ ઉનાળામાં એક તરફ લગ્નો આયોજીત થતાં હોવાથી મોટા ભાગના પરિવારો ઘર બંધ કરી લગ્નોમાં હાજરી આપવા જતા રહેતા હોય છે. જ્યારે અન્ય લોકો કાળઝાળ ગરમીથી ત્રાસી જઈ મકાનોની બહાર અથવા ધાબા ઉપર ખુલ્લામાં ઉંઘતા હોવાથી તસ્કરો આવા મકાનોને વધુ નિશાન બનાવી હાથ અજમાવી લેતા હોય છે. જિલ્લામાં અખાત્રીજથી લગ્નોના મુહૂર્ત શરૂ થતાં તસ્કરોએ પણ ઘરફોડનાં મૂહુર્ત સાચવી લીધાં છે અને એક પછી એક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કરીના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. જ્યારે પોલીસ કરતાંય તસ્કરો વધુ ચબરાક સાબિત થતા હોય તેમ અનેક પ્રયત્નો પછી પણ તસ્કરો પોલીસના હાથે ઝડપાતા નથી અને રોજ ક્યાંક ને ક્યાંક ઘરફોડના બનાવો બનતા હોવાથી પોલીસ માટે પણ માઠા દિવસો શરૂ થયા હોય તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લામાં તસ્કરીના બનાવોને અટકાવવા માટે પોલીસ રાત્રે સરકારી પેટ્રોલનો ધુમાડો કરી રહ્યું છે. બીજી તરફ પોલીસથી છૂપાઈને તસ્કરો ચોરીના બનાવોને અંજામ આપી રહ્યા હોવાથી લગ્નગાળાની સીઝનમાં જ જિલ્લામાં ચોર-પોલીસના પકડદાવ શરૂ થયાનું દેખાઈ રહ્યું છે. જ્યારે આગામી દિવસોમાં તસ્કરીના વધુ બનાવો નોંધાવવાની સંભાવનાઓ વધુ હોવાથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગની સાથે રાત્રે હોમગાર્ડને ફરજ ઉપર મૂકાય તેવી માંગ પણ ઉઠવા પામી છે. સામાન્ય રીતે પોલીસ માંડી રાત સુધી પેટ્રોલીંગમાં વ્યસ્ત રહેતી હોય છે અને વહેલી પરોઢે તસ્કરો માટે સારૂ મૂહુર્ત રહેતું હોવાથી મોટા ભાગના કિસ્સાઓમાં વહેલી પરોઢે જ તસ્કરો ઘરફોડ ચોરીના બનાવોને અંજામ આપતા હોવાનું સંભળાઈ રહ્યું છે. જિલ્લામાં લગ્નોની સીઝનને લઈને મોટા ભાગના પરિવારો ક્યાંક ને ક્યાંક લગ્નોમાં હાજરી આપવા માટે જનારા હોવાથી આવા બંધ મકાનોને તસ્કરો વધુ નિશાન બનાવે તેવી ભીતી ઉભી થઈ છે ત્યારે મકાન માલિકોની પણ ફરજ બને છે કે બહાર ગામ જતા અગાઉ પોલીસનું ધ્યાન દોરવું જોઈએ જો કે મોટા ભાગના પરિવારો આ રીતે પોલીસનું ધ્યાન દોરતા નથી અને જ્યારે બંધ મકાનમાંથી કીમતી મત્તા ચોરાઈ જાય ત્યારે મોટી કાગારોળ મચાવી મૂકતા હોય છે. ત્યારે પોલીસની સાથે પ્રજાએ પણ તસ્કરોને મ્હાત આપવા માટે સજાગ બનવું જરૂરી બની રહ્યું છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લગ્નના રસોડાંમાં કાળા બજારના રાંધણ ગેસનો ભરપૂર ઉપયોગ

### ઉંચા ભાવે રસોઈયાઓને બોટલ કાળા બજારમાં વેચાતી હોવાની ચર્ચા

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાંધણ ગેસના બાટલાનો કકળાટ બારેમાસ જોવા મળી રહ્યો છે અને હવે લગ્નોની સીઝન શરૂ થઈ છે ત્યારે અનેક વિસ્તારોમાં લગ્નોના રસોડાંમાં કાળા બજારના રાંધણ ગેસથી રસોઈ બનતી હોવા છતાં પુરવઠા તંત્ર આ બાબતથી બેખબર હોય તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લામાં અખાત્રીજથી લગ્નોની સીઝન શરૂ થતાં કેટલાક ડીલરો ઉંચા ભાવે રાંધણ ગેસના બાટલાનું કાળા બજાર કરી રાંધણ ગેસનું બ્લેકમાં વેચાણ કરતા હોવાની વિગતો બહાર આવી છે.

જિલ્લામાં પુરવઠા તંત્ર સમર હોલીડે ઉપર ઉતરી ગયું હોય તેમ છેલ્લા કેટલાક સમયથી તંત્રની કામગીરી મંદ પડી જતાં કાળા બજારીયાઓને મોકળુ મેદાન મળી ગયું છે. જ્યારે રાંધણ ગેસના બાટલાની કૃત્રિમ અછત ઉભી કરવામાં આવી હોય તેમ ગ્રામ્ય વિસ્તારોમાં પોઈન્ટ હોવા છતાં સમયસર ગ્રાહકોને રાંધણ ગેસ મળતો ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે જ્યારે હાલમાં લગ્નની સીઝન શરૂ થતાં એકાએક કાળા બજારના રાંધણ ગેસની માંગમાં ધરખમ વધારો થયો છે અને જરૂરીયાતમંદો મોં માગ્યા દામ બાટલા દીઠ ચૂકવતા હોવાથી જિલ્લામાં લગ્નોના રસોડાંમાં કાળા બજારના રાંધણ ગેસથી રસોઈ તૈયાર થતી હોવાનું સંભળાઈ રહ્યું છે. જિલ્લામાં ઉનાળાની શરૂઆત અગાઉ પુરવઠા તંત્રએ કડકાઈ દાખવતાં કેટલાક કાળા બજારીયાઓ તંત્રના સાણસામાં આવ્યા હતા પરંતુ ઉનાળો શરૂ થતાં જ તંત્રના જવાબદારો અને ભ્રષ્ટ સપ્લાય ઈન્સ્પેક્ટરો સમર હોલીડે ઉપર ગયા હોય તેમ માત્ર નામપૂરતી કામગીરી થઈ રહી છે. જિલ્લામાં મોટા ભાગના વિસ્તારોમાં કાળા બજારના રાંધણ ગેસનો લગ્નોમાં રસોઈ બનાવવા માટે ભરપૂર ઉપયોગ થઈ રહ્યો હોવાનું હવે સામાન્ય લોકોની સમજમાં આવી રહ્યું છે પરંતુ કોણ જાણે કેમ પુરવઠા તંત્ર આ બાબતથી બેખબર બની રહેતાં ગ્રામ્ય વિસ્તારોમાં રાંધણ ગેસના બાટલાનો કાળો કકળાટ શરૂ થયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પુરવઠા તંત્રની રહેમથી રાંધણ ગેસના વિતરણ માટે પોઈન્ટ શરૂ કરાયા છે પરંતુ મોટા ડીલરો રાંધણ ગેસના બાટલાનું જેટલું કાળા બજાર કરતા નથી તેના કરતાંય વધુ ગ્રામ્ય વિસ્તારોના ડીલરો રાંધણ ગેસનું બ્લેકમાં વેચાણ કરતા હોવાનું સંભળાઈ રહ્યું છે ત્યારે જિલ્લાનું પુરવઠા તંત્ર ઉનાળાની આળસ ખંખેરી રાંધણ ગેસના બાટલાના થઈ રહેલા દૂરૂપયોગ બાબતે તપાસ કરાવી દોષિતો સામે પગલાં ભરે તે જરૂરી બન્યું છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લગ્નો-વેકેશનના માહોલથી એસ.ટી. બસ-ખાનગી વાહનોને તડાકો

### ખાનગી જીપોનાં સ્પેશ્યલ વર્ધીનાં ભાડાં વધારાયાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લગ્નની સીઝનમાં શાળા-મહાશાળાઓમાં ઉનાળુ વેકેશન શરૂ થતાં બસ મથકોમાં મુસાફરોની અવર-જવર વધતાં એસ.ટી.ને કમાણીનો તડાકો પડ્યો છે. જ્યારે ખાનગી વાહનોને પણ લગ્નોની વર્ધીઓ મળતાં કેટલાક વિસ્તારોમાં જીપનાં ભાડાંના દર પણ વધારી દેવાયાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં અખાત્રીજથી લગ્નસરાની સીઝન શરૂ થતાં જિલ્લો લગ્નોમાં ગળાબૂડ થયો છે જ્યારે શાળા-મહાશાળાઓમાં ૩૫ દિવસના ઉનાળુ વેકેશનમાં પ્રવાસની સીઝન પણ શરૂ થતાં સ્વાભાવિક રીતે જ વાહનોમાં મુસાફરોની અવર જવરમાં મોટો વધારો થયો છે. જિલ્લામાં એસ.ટી. બસ મથકોમાં પણ મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતાં અંતરીયાળ ગામોની બસો પણ મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. તે જ રીતે ખાનગી વાહનોમાં પણ મુસાફરોની અવર જવર વધતાં વાહન ચાલકોને કમાણીની સીઝન શરૂ થઈ છે. જિલ્લામાં વેકેશન શરૂ થતાં જ અનેક પરિવારોએ પ્રવાસના સ્થળોએ ફરવા જવાનું નક્કી કરી લીધું છે અને મોટા ભાગના પરિવારો ખાનગી જીપો જ ભાડે કરીને પ્રવાસે જતા હોવાથી આ વખતે ડીઝલના ભાવ વધારાને કારણે જીપનાં ભાડાં વધારી દેવામાં આવ્યાં છે. જિલ્લામાં અખાત્રીજના વણજોયા મુહૂર્તથી એસ.ટી. અને ખાનગી વાહનો માટે એક મહિના સુધી શુભ દિવસો શરૂ થયા હોય તેમ મુસાફરોનો તડાકો પડવાથી એસ.ટી.ની આવકમાં વધારો થયો છે. જ્યારે ખાનગી વાહન ચાલકોને પણ સામાન્ય દિવસ કરતાં મુસાફરોની વધુ કમાણી થતી હોવાનું દેખાઈ રહ્યું છે. જિલ્લાના બાયડ, મોડાસા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, માલપુર સહિતના વિસ્તારોમાં લગ્નસરાની સીઝન પૂરજોશમાં શરૂ થતાં છેલ્લા કેટલાક દિવસોથી એસ.ટી.ની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયાનું દેખાઈ રહ્યું છે અને અંતરીયાળ ગામડાઓમાં દોડતી એસ.ટી. બસોમાં મુસાફરોની ભારે ભીડ રહેતી હોવાથી મુસાફરો ખાનગી વાહનોનો આશરો લઈ રહ્યા છે. પરંતુ વેકેશન અને લગ્નોની સીઝનમાં ખાનગી વાહનોમાં પણ બેસવાની જગ્યા મળતી ન હોવાથી અસંખ્ય મુસાફરોને ખાનગી વાહનોમાં લટકીને મુસાફરી કરવી પડે તેવા દિવસો શરૂ થયા છે.

## સાબરકાંઠા જિલ્લામાં વિજ્ઞાનપ્રવાહનું ૬૪.૪૪ ટકા પરીણામ

બાયડ તા.૧૨

ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહ માર્ચ-૨૦૨૨ માં યોજાઈ હતી. જેનું પરિણામ તા. ૧૨ મે ૨૦૨૨ ગુરૂવારના રોજ જાહેર કરવામાં આવ્યુ હતું. જેમાં સમગ્ર રાજ્યનું પ્રવાહનું પરિણામ રાજ્યનું ૭૨.૦૨ ટકા જ્યારે સાબરકાંઠા જિલ્લાનુ ૬૪.૪૪ ટકા પરીણામ નોંધાયેલ છે. સાબરકાંઠા જિલ્લાના ૨૩૮૭ પૈકી ૨૩૬૮ વિધાર્થીઓને પરીક્ષા આપી હતી. જેમાં સાબરકાંઠા જિલ્લાના એ-૧ ગ્રેડમાં ૨, એ-૨ ગ્રેડમાં ૫૧ વિદ્યાર્થીઓ બી-૧માં -૧૫૦, બી-૨માં- ૨૫૨, સી-૧માં ૪૦૯, સી-૨માં ૫૧૨ જ્યારે ડી- ૧૫૦ વિધાર્થીઓનો સમાવેશ થાય છે. જિલ્લાના હિંમતનગર કેન્દ્રનું ૬૫.૨૮, ઈડરનું ૬૮.૪૦, તલોદનું ૬૮.૮૬ જ્યારે વડાલી કેન્દ્રનું ૫૦.૪૩ ટકા પરીણામ જાહેર થતા જિલ્લા વહિવટી તંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ટીમ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## વરઘોડામાં ડાન્સમાં મશગુલ બનેલ યુવકોને વરઘોડો આગળ જવા દેવા કહેતા ઉશ્કેરાયા

### શામળાજીના ખારી ગામમાં ૪ યુવકોએ હુમલો કર્યો

મોડાસા, તા. ૧૨



હાલ લગ્નસરાની મૌસમ ચાલી રહી છે ત્યારે કેટલાક લગ્નપ્રસંગોમાં વિવાદ અને ઝગડાની સામાન્ય ઘટનાઓ બનતી રહે છે શામળાજી નજીક ખારી ગામમાં યુવતીના વરઘોડા આગળ ડાન્સ કરવામાં મશગુલ બની યુવકો વરઘોડો આગળ વધવા ન દેતા ભાવનગર જીઈબીમાં નોકરી કરતા યુવતીના જીજાજીએ યુવકોને ડાન્સ પછી કરવાનું કહેતા ડાન્સનું ઝુનુન સવાર ૪ યુવકોએ જીઈબીના કર્મચારી પર પથ્થરથી હુમલો કરી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતા કર્મચારીએ શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ભિલોડાના ખારી ગામમાં સાળીના લગ્નમાં વાઘપુર ગામના દિનેશભાઈ લાલજીભાઈ ખરાડી તેમના પરિવાર સાથે આવ્યા હતા તેમની સાળીનો વરઘોડો ગામમાં ફરી પરત ઘર નજીક આવતા વરઘોડામાં ડાન્સ કરતા ખારી ગામના અભિષેક રમેશભા નિનામા, કુલદીપ ભરતભાઈ ગામેતી, ક્રિશ રમેશભાઈ નિનામા અને હાર્દિક ભરતભાઈ નીનામા નામના યુવાનો ડાન્સમાં મશગુલ બની વરઘોડો આગળ વધવા ના દેતા દિનેશભાઈ ખરાડીએ ચારે યુવકોને વરઘોડો ઘરે પહોંચે પછી ડાન્સ કરજો કહેતાની સાથે જ ચારેય યુવકો ઉશ્કેરાઈ ગયા હતા અને દિનેશ ખરાડીને અભિષેક નામના યુવકે પથ્થર મારી અને ચારે યુવકોએ ગડદા-પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા દિનેશભાઈ ખરાડી ફફડી ઉઠ્યા હતા અને શામળાજી પોલીસ સ્ટેશનમાં ૪ યુવકો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

## અરવલ્લી પોલીસનો સપાટો : ત્રણ વાહનોમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપ્યા

### મોડાસા રૂરલ પોલીસે એક્ટિવા ચોરને દબોચ્યો



મોડાસા,તા. ૧૨

બુટલેગરો દારૂ છૂપાવવા માટે અનેક ટેકનીકનો ઉપયોગ કરતા હોય છે.રાજ્યમાં દારૂબંધીના પગલે વિદેશી દારૂના ભાવ ત્રણ થી ચાર ગણા મળતા બુટલેગરો નિતનવા પેતરા રચી દારૂ ઠાલવવા પ્રયત્નશીલ રહે છે અરવલ્લી જીલ્લા જીઁ સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્રએ બુટલેગરો પર તવાઈ બોલવતા બુટલેગરો વિદેશી દારૂની હેરાફેરી માટે નીતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે. અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે શામળાજી નજીક કારમાંથી ૧.૩૬ લાખના દારૂ સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો તેમજ હજીરા વિસ્તારમાંથી વોન્ટેડ બુટલેગર દશરથસિંહ વિજયસિંહ જાડેજાને ઝડપી લીધો હતો ઈસરી પોલીસે બે મોપેડમાંથી ૮૭ હજારનો દારૂ જપ્ત કર્યો હતો મોડાસા રૂરલ પોલીસે સાકરીયા નજીકથી ચોરી કરેલ એક્ટિવા સાથે પસાર થતા રાજસ્થાની વાહનચોરને દબોચી લીધો હતો. અરવલ્લી એલસીબી પોલીસે શામળાજી આશ્રમ ચાર રસ્તા પર વાહનચેકીંગ હાથધરતાં અલ્ટો કારમાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળતા પોલીસ સતર્ક બની બાતમી આધારીત કાર આવતા અટકાવવા જતા અલ્ટો કારણ ચાલકે કાર રિવર્સ લઈ કાર ઉદેપુર તરફ દોડાવતા એલસીબી પોલીસે ફિલ્મીઢબે પીછો કરી અણસોલ ગામની સીમમાં અટકાવી તલાસી લેતા કારમાંથી ૧.૩૬ લાખના દારૂ સાથે બુટલેગર પ્રતિષ બાબુ પાંડોર (રહે,ખાનપુર-મેઘરજ)ને દબોચી લઈ ૩.૩૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ દિનેશ અઢેળાજી અસારી (રહે,પાટીયા-આંબાબાર,ભિલોડા) સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા તેમજ મોડાસાના હજીરા વિસ્તારમાંથી તલોદ પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ બુટલેગર દશરથસિંહ વિજયસિંહ જાડેજા (રહે,મોટા સામેરા-ભિલોડા) ને દબોચી લઈ તલોદ પોલીસને સુપ્રત કરવા તજવીજ હાથધરી હતી.

## અરવલ્લીમાં વિજ્ઞાનપ્રવાહનું ૬૧.૫૭ ટકા પરીણામ

બાયડ તા.૧૨

ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહ માર્ચ-૨૦૨૨ માં યોજાઈ હતી. જેનું પરિણામ તા. ૧૨ મે ૨૦૨૨ ગુરૂવારના રોજ જાહેર કરવામાં આવ્યુ હતું. જેમાં સમગ્ર રાજ્યનું પ્રવાહનું પરિણામ રાજ્યનું ૭૨.૦૨ ટકા જ્યારે અરવલ્લી જિલ્લાનુ ૬૧.૫૭ ટકા પરીણામ નોંધાયેલ છે. અરવલ્લી જિલ્લાના ૧૫૨૯ પૈકી ૧૫૨૫ વિધાર્થીઓને પરીક્ષા આપી હતી. જેમાં અરવલ્લી જિલ્લાના એ-૧ ગ્રેડમાં ૫, એ-૨ ગ્રેડમાં ૩૦ વિદ્યાર્થીઓ બી૧માં -૯૭, બી૨માં-૧૮૩, સી૧માં ૨૫૮, સી૨માં ૨૯૯ જ્યારે ડી- ૬૬ અને ઈ૧માં એક વિધાર્થીનો સમાવેશ થાય છે. જિલ્લાના મોડાસા કેન્દ્રનું ૬૩.૬૦ જ્યારે ભિલોડા કેન્દ્રનું ૪૯.૫૫ ટકા પરીણામ જાહેર થતા જિલ્લા વહિવટી તંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ટીમ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.